| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | : | **૨૪/૦૭/૨૦૨૪** | | |
| **દાખલ તારીખ** | : | **૨૪/૦૭/૨૦૨૪** | | |
| **ફેંસલ તારીખ** | : | **૦૫ /૦૫ /૨૦૨૬** | | |
| **અવધિ** | : | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૧** | **૦૯** | **૧૨** |

**સંતરામપુરના મહે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.સંતરામપુર, જી.મહીસાગર.**

**<u>ફોજદારી કેસ નં.૭૩૮/૨૦૨૪</u>**
**આંક –**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી : – શનાભાઈ ઉર્ફે ચુનીલાલ લાલુભાઈ ડામોર
રહે.:–ખેડાપા, નવી ગઢી ફળીયું, તા.સંતરામપુર
જી.મહીસાગર

ગુન્હો :– ધી પ્રોહી.એકટ કલમ– ૬૫ એએ,૧૧૬(બી) મુજબ...

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી સી.પી. મુનીયા
આરોપી તરફે વિ.વકીલ શ્રી જે.એલ.ડામોર

**–: <u>ચુકાદો</u> :–**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૧/૦૪/૨૦૨૪ કલાક ૧૫:૩૦ થી કલાક ૧૬:૧૫ વાગ્યે મોજે.ખેડાપા, નવી ગઢી ફળીયામાં કોલમ નં.૧ માં જણાવેલ આ

કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના કાંચની બીયરની બોટલ નંગ–૧૨ કિં. રૂા. ૧૯૨૦/– નો પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સંતરામપુર પો.સ્ટે.માં નોંધાવતાં સંતરામપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦૭૨૪૦૩૦૨/૨૦૨૪ થી ગુનો રજીસ્ટર કરી હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૪ આરોપીની ગુના સબબ પ્લી રેકર્ડ કરવામા આવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા સદર કામ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરેલ છે.

**::ફોર્મ–સી::**

**ફરિયાદપક્ષના સાક્ષીનું લિસ્ટ–**

| **અ.નં.** | **આંક** | **નામ** | **પુરાવા નો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૭ | લક્ષ્મણભાઈ હીરાભાઈ બારીયા | પંચસાહેદ |
| ફ.સા.૨ | ૧૦ | નરેન્દ્રકુમાર અમીરભાઈ ખાંટ | ફરીયાદી |
| ફ.સા.૩ | ૧૫ | નરેન્દ્રભાઈ મુળજીભાઈ પંચાલ | પંચ સાહેદ |
| ફ.સા.૪ | ૧૮ | દક્ષેશકુમાર સ્વરૂપસિંહ બારીયા | ત.ક.અ. |

**ફરિયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લિસ્ટ–**

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૦૮ | પંચનામુ |
| ૨. | આંક–૧૧ | ફરીયાદ |
| ૩. | આંક–૧૯ | સુચિપત્ર |

(૪) ત્યારબાદ આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે તથા વિશેષમાં ખોટી ફરીયાદ કરેલાનું તથા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી મુનીયા તથા બચાવપક્ષે વિ.વ.શ્રી ડામોર ની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**– : મુદ્દાઓ:–**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, તા.૧૧/૦૪/૨૦૨૪ ક.૧૫/૩૦ થી ક.૧૬/૧૫ વાગ્યે મોજે.ખેડાપા,નવી ગઢી ફળીયામાં કોલમ નં.૧ માં જણાવેલ આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના કાંચની બીયરની બોટલ નંગ–૧૨ કિં. રૂા. ૧૯૨૦/–નો પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ પ્રોહી એકટની કલમ ૬૫ એએ,૧૧૬(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારાત્મક

૨) આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેનાં કારણો</u> :-**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક - ૦૭ થી પંચ સાહેદ લક્ષ્મણભાઈ હીરાભાઈ બારીયા તથા આંક-૧૫ થી પંચ સાહેદ નરેન્દ્રભાઈ મુળજીભાઈ પંચાલનાઓને તપાસેલ છે આ બંને પંચ સાહેદોનો પુરાવો એક સમાન છે જેઓ જણાવે છે કે સને ૨૦૨૪ ની સાલમાં સંતરામપુર પોલીસે તેમને સંતરામપુર પોલીસ સ્ટેશને બોલાવી એક લખેલ તૈયાર પંચનામામાં સહી કરાવેલી. તે પંચનામામાં શું લખેલ હતું તેની તેઓને ખબર નથી. તેમની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામુ બતાવામાં આવે છે. જેમા પંચ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે.
આમ, સદર બને પંચ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવે જણાવતા ના હોય વિ.એ.પી.પી.શ્રી મારફતે સદર પંચને ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો જણાવતા નથી.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક-૧૦ થી ફરીયાદી નરેન્દ્રકુમાર અમીરભાઈ ખાંટનાઓ તેમના સોગંદ પર જણાવે છે કે, તેઓ છેલ્લા એક વર્ષથી સંતરામપુર પો.સ્ટે.માં અપોકો તરીકે ફરજ બજાવે છે. તા.૧૧/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ તથા અ.હે.કો. કલ્પેશભાઈ અરવિંદભાઈ તથા હે.કો.મહેન્દ્રસિંહ જેસીંગભાઈ તથા પો.કો. અનિલકુમાર વજેસિંહ તથા જયેશભાઈ કાળુભાઈ વિગેરેનાઓ એ રીતેના **<u>સંતરામપુર પોલીસ સ્ટેશન</u>**

<u>**વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમીયાન ફરતા ફરતા ખેડાપા નવીગઢી ગામે આવેલા ત્યારે ખેડાપા નવીગઢી ગામે અંગત બાતમીદારથી બાતમી મળેલી કે એક ઈસમ ખેડાપા તરફથી ઈંગ્લીશ દારૂ એક કાપડના થેલામાંલઈને આવનાર હોવાની બાતમી મળેલી તેથી તેમની સાથેના પોલીસના માણસોને જાણ કરી અ.હે.કો.કલ્પેશભાઈએ બે પંચોના માણસોને બાતમીથી વાકેફ કરી તેઓ પોલીસના માણસો તથા પંચો નવીગઢી ચોકડી પર નાકાબંધીમાં હતા**</u> ત્યારે એક ઈસમ કાપડાના થેલા લઈને આવતાં તેને ઉભો રખાવી પંચો રૂબરૂ નામઠામ પુંછતાં તેણે પોતાનું નામ ચુનીલાલ લાલુભાઈ ડામોર રહે.ખેડાપા નવીગઢીનો હોવાનું જણાવેલ. તેના કબજાના થેલામાં જોયેલ તો ભારતીય બનાવટની કાચની ૬૫૦ મીલીની બિયરની બોટલો ભરેલી હતી. તે બહાર કાઢી જોતાં કિંગફીશર સુપર સ્ટ્રોંગ ફોર સેલ-ઈન રાજસ્થાનની બેચ નંબર અને કોડ નંબર વાળી બીયરની બોટલ નંગ-૧૨ એક બિયરની કિંમત રૂા.૧૬૦/-લેખે ૧૨ બિયર ની કિંમત રૂા. ૧૯૨૦/-ગણી પ્રોહી પ્રતિ બંધક વિસ્તારમાં વગર પાસ પરમીટે મળી આવતાં તેઓની સાથેના હે.કો.કલ્પેશ ભાઈ અરવિંદ ભાઈનાઓએ પંચનામુ કરી પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરેલો. ઉપરોકત મુદ્દામાલમાંથી સેમ્પલ માટે એક બિયરની બોટલ બહાર કાઢી તેના ઉપર પંચોની સહીઓ વાળી કાપલી મુકી દોરાથી બાંધી પો.સ.ઈ. સંતરામપુરના હોદ્દાનું લાખનું શીલ કરી મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ. સદર ગુના અંગે તેમને પોલીસ ફરીયાદ આપેલી. જે આંક ૧૧ થી રજુ કરેલ છે. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે. આરોપી આજરોજ કોર્ટમા હાજર નથી.

સદર સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ વાત કબુલ કરે છે કે, બનાવ વખતે તેઓ પેટ્રોલિંગમાં નીકળેલ હોવાથી તેમની સાથે પોલીસ સિવાય અન્ય કોઈ ત્રાહિત માણસો હતા નહીં. તથા તેમની ફરીયાદમાં પંચોના

નામ સરનામા જણાવેલ નથી તેઓ કબુલે છે કે આરોપી બનાવ સમયે લાકડીના ટેકે ચાલતો હતો તથા બનાવ સમયે આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું કરેલું નહીં તથા બનાવ સમયે આરોપી પાસેથી તેની ઓળખ અંગેનો કોઈ પુરાવો મેળવેલ ન હતો. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ ફરીયાદમાં પ્રોહીબીશન મુદ્દામાલનો લોટ નંબર જણાવેલ નથી. તેઓ ઈન્કાર કરે છે કે પ્રોહીબીશનનો કવોટા બતાવવા માટે આરોપી સામે ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપે છે.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૩ થી ત.ક.અ. દક્ષેશકુમાર સ્વરૂપસિંહ બારીયાનાઓ તેમના સોગંદ પર જણાવે છે કે,તેઓ સને ૨૦૨૪માં સંતરામપુર પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન આ કામના ફરિયાદી નરેન્દ્રકુમાર અમીરભાઈ તા. ૧૧/૦૪/૨૦૨૪ના રોજ તેમની સાથેના અ.હે.કો. કલ્પેશભાઈ અરવિંદભાઈ તથા હે.કો. મહેન્દ્રસિંહ જેસીંગભાઈ તથા પો.કો અનિલકુમાર વજેસિંહ તથા જયેશભાઈ કાળુભાઈ વિગેરેનાઓ એ રીતેના સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમીયાન ફરતા ફરતા ખેડાપા નવીગઢી ગામે આવેલા ત્યારે ખેડાપા નવીગઢી ગામે તેઓને અંગત બાતમીદારથી બાતમી મળેલી કે એક ઈસમ ખેડાપા તરફથી ઈંગ્લીશ દારૂ એક કાપડના થેલામાં લઈને આવનાર હોવાની બાતમી મળેલી તેથી તેઓની સાથેના પોલીસના માણસોને જાણ કરી અ.હે.કો. કલ્પેશભાઈએ બે પંચોના માણસોને બાતમીથી વાકેફ કરી તેઓ પોલીસના માણસો તથા પંચો નવીગઢી ચોકડી પર નાકાબંધીમાં હતા ત્યારે એક ઈસમ કાપડાના થેલા લઈને આવતાં તેને ઉભો રખાવી પંચો રૂબરૂ નામઠામ પુંછતાં તેણે પોતાનું નામ ચુનીલાલ લાલુભાઈ ડામોર રહે.ખેડાપા નવીગઢીનો હોવાનું જણાવેલ. તેના કબજાના થેલામાં જોયેલ તો ભારતીય બનાવટની કાચની ૬૫૦ મીલીની બિયરની બોટલો ભરેલી હતી. તે બહાર કાઢી જોતાં કિંગફીશર સુપર સ્ટ્રોંગ ફીર સેલ ઈન રાજસ્થાનની બેચ નંબર

અને કોડ નંબર વાળી બીયરની બોટલ નંગ-૧૨ એક બિયરની કિંમત રૂ.૧૬૦/-લેખે ૧૨ બિયર ની કિંમત રૂ.૧૯૨૦/-ગણી પ્રોહી પ્રીતબંધક વિસ્તારમાં વગર પાસ પરમીટે મળી આવતાં તેમની સાથેના હે.કો. કલ્પેશભાઈ અરવિંદ ભાઈનાઓએ પંચનામુ કરી પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરેલો.ઉપરોકત મુદ્દામાલમાંથી સેમ્પલ માટે એક બિયરની બોટલ બહાર કાઢી તેના ઉપર પંચોની સહીઓ વાળી કાપલી મુકી દોરાથી બાંધી પો.સ.ઈ. સંતરામપુરના હોદ્દાનું લાખનું શીલ કરી મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ. સદર મુદ્દામાલનું પંચનામું કલ્પેશભાઈ અરવિંદભાઈ ડીંડોરે કરેલું અને આરોપી વિરૂધ્ધ ફરિયાદ નરેન્દ્રકુમાર અમીરભાઈએ આપેલ હતી. ફરીયાદીએ ફરીયાદ આપતાં પી.એસ.ઓ. દિનેશ ભાઈ રમણભાઈએ આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ તેમને સુચિપત્રથી સોંપેલી. તેઓએ રેઈડમાં સાથેના પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી શનાભાઈ ઉર્ફે ચુનીલાલ લાલુભાઈ ડામોર રહે. ખેડાપા નવીગઢી ફળીયાનાઓને પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ઈંગ્લીશ દારૂ સાથે પકડાયેલ હોઈ પુરતો પુરાવો હોઈ આ આરોપીને તા.૧૧/૦૪/૨૦૨૪ ના રોજ અટક કરી જામીન ઉપર મુકત કરેલા મળી આવેલ મુદ્દામાલનું તેમને ન્યાયવિજ્ઞાન પ્રયોગશાળા વડોદરામાં એફ.એસ.એલ.માં મોકલી આપેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આરોપી વિરૂધ્ધ પુરાવા આધારે તપાસના અંતે ચાર્જશીટ કરેલું. ચાર્જશીટમાં તેમની સહી છે.

બચાવ પક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવ વખતે તેઓ પેટ્રોલિંગમાં નીકળેલ હોવાથી તેમની સાથે પોલીસ સિવાય અન્ય કોઈ ત્રાહિત માણસો હતા નહીં. તથા તેમની ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી તથા આ કામનો આરોપી બનાવ સમયે લાકડીના ટેકે ચાલતો હતો. તથા બનાવ સમયે આરોપીનું

શરીરસ્થિતિનું પંચનામું કરેલું નહીં. તથા બનાવ સમયે આરોપી પાસેથી તેની ઓળખ અંગેનો કોઈ પુરાવો મેળવેલ ન હતો. એ વાતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદમાં પ્રોહીબીશન મુદ્દામાલનો લોટ નંબર જણાવેલ નથી. એ વાત કબુલ કરે છે કે, ફરિયાદીની ફરિયાદમાં પંચોના માણસોને નજીકમાંથી કલ્પેશભાઈએ બોલાવેલા તેવું જણાવેલ છે. તથા એન્દ્રા અને નવીગઢી ગામ વચ્ચે ૩૦ કિમી જેટલું અંતર છે તથા કહેવાતો આરોપી કાપડનો થેલો લઈને ચાલતો ચાલતો આવતો હતો તેવું ફરીયાદમાં જણાવેલ છે તથા આરોપી બંને પગે અપંગ છે તેવું તેમની તપાસમાં ખુલેલ. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેની ફરિયાદમાં આરોપી કપડાનો થેલો લઈને ચાલતો આવતો હતો તે હકિકત ખોટી જણાવેલ છે. એ વાત કબુલ કરે છે કે, પ્રોહી મુદ્દામાલ અંગે કંપનીના કોઈ જવાબદાર અધિકારી કે માલિકનું નિવેદન લીધેલ નથી. તથા પોલીસ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. તથા તેઓ પ્રોહી રેઈડમાં સાથે હતા નહીં.એ વાત નો ઈન્કાર કરે છે કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે. એ વાત કબુલ કરે છે કે,પ્રોહી મુદ્દામાલ અંગે એફ.એસ.એલ.નો રિપોર્ટ ચાર્જશીટ ના કામે સામેલ રાખેલ નથી.

<u>**પુરાવાનુ મુલ્યાંકન**</u>

(૧૧) ઉપરોકત રેકર્ડ આપેલ પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસના ન્યાયનિર્ણય ઉપર પંહોચવાનુ રહે છે. સૌ પ્રથમ જોવામાં આવે તો ફરીયાદપક્ષનાં કેસને માત્ર પોલીસ સાહેદ સમર્થન આપતાં હોઈ નામદાર ગુજરાત વડી અદાલત દવારા નીચે આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સીધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

<u>**2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others**</u>

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"*

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદ કે જેઓ રૂબરૂ આરોપીનાં કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે અને તેઓએ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલીપ સાન્શી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, "In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."

જેથી આ કામનાં અન્ય સાહેદો કે જેઓ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર સાથે ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓ હોવાની હકીકત ફલીત થાય છે. તપાસ કરનાર અમલદારે પણ તે બાબતનો કોઈ પુરાવો સરકારી બોડી પાસેથી મેળવેલ નથી કે વધુમાં ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતાં

ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલીત થતું નથી વધુમા પંચનામાની કાર્યવાહી બાદ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોવા છતા પંચોના નામ ઠામ ફરીયાદમાં જાહેર કરેલ નથી.વધુમાં આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચસાહેદનો પુરાવો જોતાં તપાસ કરનાર અમલદાર આરોપીનાં કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે.આમ, રેકર્ડપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદો ને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતાં આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં સતીષ મહેરામાં પ્રસ્થાપીત કરેલ છે. “When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.”

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ મહત્વના અને ચાવીરૂપ પંચ સાહેદ ફરીયાદ પક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબીત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતાં હોવાનું આ અદાલતનું

માનવું હોય, મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**- : આ ખ રી હુ ક મ : -**

આ કામનાં આરોપી શનાભાઈ ઉર્ફે ચુનીલાલ લાલુભાઈ ડામોર રહે.:- ખેડાપા, નવી ગઢી ફળીયું, તા. સંતરામપુર જી.મહીસાગર ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ધી પ્રોહી. એકટ કલમ- ૬૫ એએ, ૧૧૬(બી) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રી.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તથા જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

સ્થળ : સંતરામપુર
તારીખ :૦૫ /૦૫ /૨૦૨૬

(જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)
એડી .ચીફ જયુડી.મેજી.સંતરામપુર.
(કોડ નં. જી.જે. ૦૧૦૭૭)